૧૯૯૩ના પંચાયત ધારાની કલમ ૧૦૪ (૧) મુજબની ચણતરની પરવાનગી

બુક નં. : ૧

# શ્રી ઘંટેશ્વર ગ્રામ પંચાયત કચેરી

તાલુકો : રાજકોટ જીલ્લો : રાજકોટ

ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત ધારાની કલમ ૧૦૪ (૧) મુજબ મકાન ચણતરની લેખિત પરવાનગી

શ્રી ગણેશા ડેવલોપર્સ ના ભાગીદારો શ્રી દિનેશભાઈ માધવજીભાઈ ઠક્કર વિ-

રહેવાસી રાજકોટ તાલુકો રાજકોટ

મોજે : ઘંટેશ્વર ગામમાં તમારા કબજા ભોગવટાની પ્લોટની / બીન ખેતી ઔદ્યોગિક/રહેણાંક પ્લોટની જમીન જેના સ. નં. ૨૮ (પૈકી) પ્લોટ નં. ૯૬ ક્ષેત્રફળ ૨૮૮.૦૦ છે. તેમાં તેઓએ રજુ કરેલ પ્લાન અથવા પાછળ બતાવેલ સ્કેચ તથા વિગત અનુસાર બાંધકામ (ચણતર) કરવાની મંજુરી માંગતા તમારી અરજી ધ્યાને લઈ બાંધકામ કરવાની આ રજા ચિઠ્ઠી ઉપરથી બાંધકામ કરવાની ગ્રામ પંચાયતને મળેલ અધિકારની રૂએ નીચેની શરતોને આધીન રહીતે પરવાનગી આપવામાં આવે છે.

શરતો :-

(૧) રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, રાજકોટ તરફથી મળેલ મંજુરી ના. નં. રૂડા/ટેક/ઘંટેશ્વર /૩૭૦/ ૨૯ /૮૦૭ તા. ૦૩/ ૦૨/૦૩ /૨૦૧૭ અન્વયે મંજુરીની શરતો મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨) પરવાનગી મળ્યા તારીખેથી બાંધકામ એક માસમાં ચાલુ કરવાનું રહેશે અને એક વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.

(૩) આ કામ મંજુર થયેલ પ્લાન મુજબ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર યોગ્ય સત્તાધિકારીનું રજુ કરવાનું રહેશે.

(૪) આપેલ પરવાનગીની મુદત પરવાનગી મળ્યા તારીખથી એક વર્ષની રહેશે.

(૫) આપેલ પરવાનગી મુજબનું બાંધકામ નબળું થશે કે ભવિષ્યમાં કોઈ બાંધકામક તુટી પડશે તેની જવાબદારી પંચાયતની રહેશે નહીં.

(૬) બિલ્ડીંગ એરેંજમેન્ટનાં નિયમો બંધનકર્તા રહેશે.

(૭) ઔદ્યોગિક હેતુની જમીન હશે કે બીનખેતી થયેલ જમીન હશે તો બીન ખેતી હુકમ તથા સનદમાં બતાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૮) આરોગ્યના નિયમો બંધનકર્તા રહેશે. તેમજ આરોગ્યની સવલત ઉપલબ્ધ કરવાની રહેશે.

(૯) સરકારશ્રી કે પંચાયતના કરવેરા નિયમીત ભરવાના રહેશે.

(૧૦) બાંધકામ રજૂ કરેલ પ્લાન મુજબ કરવાનું રહેશે. તેમાં ફેરફાર કરવાનો નથી.

(૧૧) ઉદ્યોગ તથા પ્રદુષણબોર્ડની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) લાગતા - વળગતા સત્તાવાળાઓની બીજા કોઈ નિયમો પ્રમાણે જરૂરી હશે તે મેળવવાની જવાબદારી તમારી રહેશે.

(૧૩) પ્લાન મુજબ તમારી હક્ક હદોની મર્યાદામાં રહી બાંધકામ અંગેના નિયમો અમલમાં હશે તે પ્રમાણે બાંધકામ કરવું.

(૧૪) ઉપરોકત શરતો કે શરતોનો ભંગ થયે બાંધકામ પરવાનગી રદ થવા પાત્ર છે. ઉપરોકત તમામ શરતોને આધીન રહીને બાંધકામ કરવાની પરવાનથી આપવામાં આવે છે.

સરપંચ,

૨૯/૦૯/૨૦૧૭ ઘંટેશ્વર ગ્રામ પંચાયત